કોરોનાનો આતંક દિવસેને દિવસે વધ્યો : ૧૩૮૦૪ કેસ

ગાંધીનગર,તા.૨૩ રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. ત્યારે ચાર મહાનગરોમાં જાણે કે કોરોનાનો રાફડો ફાટ્યો હોય એમ કેસ મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૮૦૪ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૫,૬૧૮ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૬૧,૪૯૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૭૭.૩૦ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૯૨,૧૫,૩૧૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૭,૮૬,૩૨૧ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૧૦,૦૧,૬૩૧ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૫૭,૨૨૮ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૭૬,૦૯૫ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૦૦,૧૨૮ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૩૮૪ લોકો વેન્ટિલેટર પર છે અને ૯૯,૭૪૪ લોકો સ્ટેબલ છે. ૩,૬૧,૪૯૩ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૬,૦૧૯ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૨૧, સુરત કોર્પોરેશનમાં ૧૯, રાજકોટ કોર્પોરેશનમાં ૧૦, વડોદરા કોર્પોરેશનમાં ૧૦, જામનગર કોર્પોરેશનમાં ૯, ભાવનગર કોર્પોરેશનમાં ૪, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૨ દર્દીના મોત થયા છે. આ ઉપરાંત સુરતમાં ૨, મહેસાણામાં ૪, બનાસકાંઠામાં ૫, જામનગરમાં ૫, વડોદરામાં ૬, પાટણમાં ૨, ભાવનગરમાં ૪, ગાંધીનગરમાં ૨, દાહોદમાં ૧, જૂનાગઢમાં ૨, વલસાડમાં ૨, ભરૂચમાં ૩, મહિસાગરમાં ૧, રાજકોટમાં ૩, સુરેન્દ્રનગરમાં ૪, પંચમહાલમાં ૧, સાબરકાંઠામાં ૬, મોરબીમાં ૪, અમદાવાદમાં ૧, અરવલ્લીમાં ૧, છોટા ઉદેપુરમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૪ અને બોટાદમાં ૨ દર્દીઓના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ ૧૪૨ દર્દીઓના મોત થયા છે.

કોરોના કોર્નર

- ઝાયડસની દવા વિરાફિનના ઉપયોગની ડીસીજીઆઈએ મંજૂરી આપી છે. હળવા લક્ષણો ધરાવતા વયસ્કોની સારવારમાં થશે ઉપયોગી.
- વડાપ્રધાને આજે કોવિડ સંક્રમણ અંગે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વાત કરી સમીક્ષા કરી હતી.
- દેશમાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૨૪ લાખ ૨૨ હજાર ૮૦ થઈ છે.
- દેશમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૧.૯૮ લાખ દર્દી સાજા થયા છે.
- વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય ભારત સરકારના જણાવ્યાનુસાર જ્હોન્સન એન્ડ જ્હોન્સન કંપનીની કોરોના વેક્સીન જુન અથવા જુલાઈમાં ભારતમાં મળી જશે.
- દિલ્હીના આનંદ વિહાર પોલીસ સ્ટેશનની ટીમે સમયસર ઓક્સીજન મુકુન્દ હોસ્પિટલમાં અછત ઉભી થતાં પહોંચાડ્યો હતો.
- ઉત્તર પૂર્વ દિલ્હીના ભાજપના સાંસદ મનોજ તિવારીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- એવીએશન મંત્રાલયે ડ્રોન દ્વારા વેક્સિન ડિલવરી માટે ફિઝીબીલિટી સ્ટડીને મંજૂરી આપી છે. આઈસીએમઆર તેનો અભ્યાસ કરશે.
- પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યુ હતુ કે પ મી મે પછી રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને વેક્સીનેશન કરવામાં આવશે.

જન્મદિને વધામણી

સ્મિત દિપકકુમાર પટેલ
દખણેશ્વર, તા.બાયડ

આન્વી વિમલકુમાર ચૌધરી
(વલ્લભનગર સોસાયટી)
બાયડ

પંકજભાઈ બી. બારોટ
(સહમંત્રી : બાયડ તાલુકા પ્રા.શિક્ષક સંઘ)
(ઉ.શિ. વાત્રકગટ પ્રા.શાળા)
આકરૂન્દ (બાયડ)

શ્રેયાબેન સંજયભાઈ શાહ
(યમુનાકુંજ સોસાયટી)
બાયડ (ગાંધીનગર)

મહેન્દ્રસિંહ રહેવર
(પૂર્વ ધારાસભ્ય : મોડાસા)
સરડોઈ, તા.મોડાસા

યોગેશ એમ. સુથાર
(ક્લાર્ક : ધી બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ ધિરાણ મંડફી, ડેમાઈ)
ડેમાઈ, તા.બાયડ

મંથન પ્રવિણભાઈ ઠેકડી
બાયડ, જિ.અરવલ્લી

ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસ અધધ... એક દિવસમાં ૬૦૦૦ને પાર, ૧૭ દર્દીનાં મોત

બેકાબુ સ્થિતિ ઉપર આરોગ્ય તંત્રનું નિયંત્રણ રહ્યું નથી, બચવા માટે દર્દી દૂર દૂર દોટ લગાવી રહ્યા છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસમાં દરરોજ તોતિંગ વધારો થયો છે. એક જ દિવસમાં ૫ જિલ્લામાં ૬૨૧૪ સંક્રમિત કેસ બહાર આવ્યા છે. કોરોનાગ્રસ્ત ૧૭ દર્દીના વિક્રમજનક મોત નોંધાયા છે. અનેક વિસ્તારોમાં રેપિડ ટેસ્ટ માટેની કીટની અછત સામે આવી છે. જો પૂરતા પ્રમાણમાં કીટ હોત તો કદાચ આ આંકડો ભયાવહ હોત. ભેકાબુ સ્થિતિ ઉપર આરોગ્ય તંત્રનું નિયંત્રણ રહ્યું ન હોવાની તાસિર ઉભરી છે. બચવા માટે સગાઓ દર્દીને દૂર દૂર લઈ જવા માટે દોટ લગાવી રહ્યા છે. આટલી હદે દર્દીને બચાવવા માટે નાસભાગ પ્રથમવાર જોવા મળી છે.

કોરોના સામેની લડાઈને ૧૩ મહિનાનો સમયગાળો પસાર થયો પરંતુ આરોગ્ય વિભાગ પાસે વિશ્વને હચમચાવતા કોરોના વાયરસને નાથવા માટે કોઈ કાયમી ઉકેલ મળ્યો નથી. વૈજ્ઞાનિકો ચેતવણી આપે એટલે આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવી જાય છે પરંતુ સાચી હકીકત એ છે કે ઉત્તર ગુજરાતની રેફરલ હોસ્પિટલ, સામૂહીક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આજે પણ ડૉક્ટરોની અછત અને સહાયક સ્ટાફની અછત નજર અંદાજ કરી શકાતી નથી તેનું પરિણામ એ આવ્યું કે ઓછા સ્ટાફને કોરોના સમયમાં દિવસ-રાત કામગીરી કરવામાં આવી. આરોગ્ય સ્ટાફ મોટાપાયે સંક્રમિત થયો અને સાજા થયા પછી દેશના સિપાઈની જેમ ફરીથી કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવા માટે દિવસ-રાત મહેનત કરી રહ્યા છે પરંતુ કોરોનાનું સંક્રમણ એટલી હદે વધવાની સાથે પ્રજા પણ લાપરવાહ બનતાં કેસમાં અને મરણમાં ઉછાળો આવ્યો છે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે ૬૨૧૪ સંક્રમિત કેસ સામે આવ્યા છે. મહેસાણા જિલ્લામાં સૌથી વધુ ૩૦૮૦, પાટણ ૧૧૭૨, સાબરકાંઠા ૭૩૫, બનાસકાંઠા ૮૩૦ અને અરવલ્લીમાં ૩૯૭ સંક્રમિત કેસ નોંધાયા છે. જ્યારે પાછલા ૨૪ કલાકમાં આરોગ્ય વિભાગ દ્વારા કુલ-૧૭ના મોત નિપજ્યાને પુષ્ટી આપી છે.

ધનસુરામાં કોરોનાને લઈને જાગૃતિ માટે રેલી યોજાઈ

ધનસુરા માં કોરોનાને લઈને જાગૃતિ માટે રેલી યોજવામાં આવી હતી. કોરોનાનું સંક્રમણ વધે નહી એ માટે આ રેલી યોજાઈ હતી. ધનસુરા નગરમાં રેલી કાઢી લોકોને માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝ જેવી બાબતોનું ધ્યાન રાખવા જણાવવામાં આવ્યું હતું. જેમાં ધનસુરા મામલતદાર ચેતનસિંહ ઝાલા, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ યશવંતભાઈ પટેલ, તલાટી કમ મંત્રી મહેશભાઈ, પ્રદીપભાઈ ક્લાર્ક, અર્પણભાઈ પટેલ શોપ્સ ઈસ્પેક્ટર તથા પોલિસ અધિકારી, ધનસુરા ગ્રામ પંચાયત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી સ્ટાફ દ્વારા ધનસુરા ગામમા તમામ લોકોને માસ્ક ફરજિયાત પણે પહેરવું તેમજ સોશિયલ ડિસ્ટન્સ રાખવુ તેમજ વધુ પબ્લિલ ભેગા ના થવુ જેવી જાગૃતિ માટે આજે રેલી કરવામા આવી.

રેમડેસિવિર લઈ આપો..સાબરકાંઠા, અરવલ્લીમાં સ્વજનોને બચાવવા પરિવારની તંત્ર સમક્ષ કાકલૂદી

રોજ નવા નિયમોના બહાના હેઠળ ડેજીગ્નેટેડ-નોન ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલને ખો આપવાનો પ્રયાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ કોરોનાની બીજી લહેરમાં ધંધા ચોપાટ થઈ ગયા છે. દર્દીઓની સંખ્યામાં વધારો થવાની સાથે મૃત્યુ આંક ઉંચકાયો છે. દરેકને મંદી અને મોંઘવારી નડે છે પરંતુ સ્વજન મોતના મુખમાં ધકેલાતું હોય તો કોઈપણ ભોગે બચાવવા બધું કરી છૂટવા માટે તૈયાર હોય છે. દરરોજ સવારથી મોંડી રાત્રિ સુધી જિલ્લામાં દર્દીઓના સગાઓની રેમડેસિવિર લઈ આપોની ચીખ સૌને હચમચાવી રહી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં સ્વજનોને બચાવવા પરિવાર તંત્ર સમક્ષ કાકલૂદી કરી રહ્યો છે પરંતુ નિષ્ઠુર તંત્ર પોતાના સ્વાર્થ ઉપર ઉતરી આવતાં અનેક જરૂરીયાતમંદોને રેમડેસિવિર ઈન્જેક્શન મળી શક્યાં નથી. રોજ નવા નિયમોના બહાના હેઠળ ડેજીગ્નેટેડ-નોન ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલને ખો આપવાના પ્રયાસ શરૂ થઈ ગયા છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં લાગવગશાહી ધુમ ચાલ્યાના આક્ષેપ થયા છે અને આ અંગે કેટલાક લોકોએ સી.એમ.ઓ. કાર્યાલયને પુરાવા સાથે રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

સાહેબ, જે પૈસા લેવા હોય તે લઈ લો, મારો ભાઈ, મારી દિકરી, મારી પત્નિ, મારા પિતા, મારી મમ્મી..ને બચાવવા માટે રેમડેસિવિર ૧ થી ૨ ઈન્જેક્શનની તાત્કાલિક જરૂરી છે. આ સત્ય વિગતો મોડાસા, હિંમતનગર, ઈડર, બાયડ, પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા સહિતની ખાનગી હોસ્પિટલો આગળ સાંભળવા મળી રહી છે. જિલ્લામાં સરકાર દ્વારા ફળવાતો રેમડેસિવિરનો જથ્થો સૌ પ્રથમ સરકારી કોવિડ હોસ્પિટલ ત્યારબાદ ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલ અને ત્યાર પછી ખાનગી હોસ્પિટલને રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો આપવામાં આવે છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં જ દર્દીઓની સંખ્યામાં વધારો થતો હોવાથી ખાનગી હોસ્પિટલના નસીબમાં માંડ ૫ થી ૨૫ ઈન્જેક્શન આવતા હોય છે. પરંતુ તેની સામે માંગ ૪૦૦ થી ૫૦૦ દૈનિક હોય છે. છેલ્લા એક સપ્તાહથી પણ વધુ સમયથી રેમડેસિવિરની માંગ કરતા દર્દીઓને ઈન્જેક્શન મળતાં નથી અને ખાનગી તબીબો હાથ અદ્ધર કરી દે છે આવા સંજોગોમાં દર્દીના સ્વજનો રેમડેસિવિર લઈ આપી સ્વજનોને બચાવવા માટે તંત્ર સમક્ષ કાકલૂદી કરતા અનેક દ્રશ્યો સામે આવ્યા છે. બંન્ને જિલ્લાનું વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દરેક મોરચે નિષ્ફળ ગયું છે જેના કારણે મૃત્યુ દરમાં ઉછાળો થયો છે તે ભૂલવું જોઈએ નહીં.

રૂવચ દૂધ મંડળી દ્વારા લોકોને આર્યુવેદીક દેશી ઉકાળો અપાયો

કોરોનાની મહામારીએ આખા વિશ્વમાં હાહાકાર મચાવી દેતા માનવી લાચાર બની કોરોનાથી બચવા નવા નવા નુખસા અજમાવી રહ્યો છે. વિશ્વના વિજ્ઞાનીકોને દવાઓ શોધવામાં સફળતા મળી નથી. ત્યારે ગામડાઓમાં લોકો આર્યુવેદીક દેશી ઉકાળાનો ઉપયોગ કરી કોરોના સામે રક્ષણ મેળવવાની કોશિશ કરાઈ રહી છે. આજે રૂવચ દૂધ મંડળી ખાતે દેશી આર્યુવેદીક ઉકારનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ગામના ધનજીભાઈ(મામા) તથા વિરાભાઈ પટેલ (કિસાન સંઘ, કા.સભ્ય. ઈડર તાલુકો) દ્વારા આદુ, ગરોના વેલા, ફુદીનો વગેરેનો ઉપયોગ કરી દેશી ઉકાળો બનાવી ગામલોકોને પીવડાવવામાં આવ્યો હતો. કોરોનાની શરૂઆતથી જ લોકોને સમયાંતરે ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે આજે રૂવચ દૂધ મંડળી ખાતે વહેલી સવારે નયણા કોઠે આર્યુવેદીક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. જેમાં દૂધ મંડળીના સેક્રેટરી અને સ્ટાફ તથા ઉકારો બનાવવામાં પારંગત ધનજીભાઈ અને વિરભાઈ પટેલ દ્વારા વિતરણ કરાયું હતું.

ડી.ડી.ઓ. એક્શનમાં : અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા તાલુકા વિકાસ અધિકારીઓને આદેશ અપાયા

લગ્ન, મરણના મોટો મેળાવડા, ક્રિકેટ, વોલીબોલ ટુર્નામેન્ટ ઉપર પાબંધીના આદેશ, ગ્રામ્ય પ્રજાથી હવે ટી.ડી.ઓ. અળખા પડશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ અરવલ્લી જિલ્લામાં કોરોના બેકાબુ બન્યો છે. પાછલા ૨૩ દિવસમાં બિનસત્તાવાર રીતે કોરોના તેમજ શંકાસ્પદ કોરોનાથી ૪૦ થી વધુ લોકોના મોત નિપજયાની આશંકા છે. ત્યારે સફાળા જાગેલા વહીવટી તંત્રએ અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા અને ભિલોડા તાલુકા વિકાસ અધિકારીને કેટલીક સૂચનાઓ આપી તેની અમલવારી કરવા જણાવ્યું છે. લગ્ન-મરણના મોટા મેળાવડા, ક્રિકેટ, વોલીબોલ ટુર્નામેન્ટ ઉપર તુરંત પાબંધીના આદેશ આપવામાં આવ્યા છે. લાગે છે કે તંત્રના આ નિર્ણયથી ગ્રામ્ય પ્રજાથી હવે ટી.ડી.ઓ. અળખા પડશે.

કોરોનાનું વધતું સંક્રમણ ચિંતાજનક છે. મોડાસા અને બાયડ કોરોનાનું હોટસ્પોટ બની ગયા છે. દર ૧૦૦ વ્યક્તિએ ૧૫ થી ૨૦ લોકો સંક્રમિત હોવાની સંભાવના છે. સોસાયટી વિસ્તાર, ફળીયા અને મહોલ્લાઓમાં કોને કોરોના નથી..?? તે પૂછવું પડે તેવી સ્થિતિ આવી પડી છે. ત્યારે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાએ ૬ તાલુકાના વિકાસ અધિકારી સાથે વિડીયો કોન્ફરન્સ મારફતે બેઠક યોજી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે કેટલીક સૂચનાઓ આપી છે અને તેનું તાત્કાલિક ચૂસ્તપણે પાલન કરવા પણ જણાવ્યું છે જેમાં આગામી સમયમાં યોજાતા લગ્ન પ્રસંગોની માહિતી મેળવવી, લગ્ન-મરણ, સભાઓ, મેળાવડા, ધાર્મિક પ્રસંગો તેમજ અન્ય પ્રસંગે તાલુકા કક્ષાએથી અગાઉ હુકમ કરેલ ટીમો દ્વારા કાર્યક્રમના સ્થળે આયોજકોનો સંપર્ક કરી સરકારની ગાઈડલાઈન પ્રમાણે આયોજન કરવા જણાવવું અને તેની વિડીયો પુરાવા એકત્ર કરવા, ગાઈડલાઈનનો ભંગ કરનાર સામે પોલીસ ફરિયાદની સૂચના આપવી. મોટા ધાર્મિક સ્થાનોની મુલાકાત લઈ તેના વ્યવસ્થાપકોને સરકારની ગાઈડલાઈનના પાલન માટે જાણકારી આપવી તેમજ અગિયારસ, પુનમ કે અન્ય મહત્વના દિવસોએ મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ એકત્ર ન થાય તે જોવા તાકીદ કરવી.

ઉનાળામાં ક્રિકેટ ટુર્નામેન્ટ કે વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન થતું હોય છે. સરકારની ગાઈડલાઈનનો ભંગ કરવા બદલ આયોજકો સામે કાર્યવાહીની ચેતવણી આપવી. સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક માટે વધુમાં વધુ લોકોને સમજાવવા માટેના આયોજનો કરવા. તાલુકાના વધુ વસતીવાળા ગામ અને બજારમાં માસ્ક ડ્રાઈવ કરવા તેમજ તેનો ભંગ કરનારા દુકાનદાર, ગ્રાહકો તેમજ ગ્રામજનો સામે દંડનીય કાર્યવાહી કરવા પણ સૂચના આપી છે.

જે લોકોના રેપિડ અથવા આર.ટી.પી.સી.આર. ટેસ્ટ પોઝિટિવ હોય તેવા હોમ આઈસોલેશન થયેલા તમામ વ્યક્તિઓ માટે તાલુકા કક્ષાએથી શિક્ષકો દ્વારા કામગીરી કરવામાં આવી છે તે મુજબ દર્દીઓનો દરરોજ ટેલિફોનિક સંપર્ક કરી તેમજ સ્વાસ્થ્ય, દવા અને જરૂરીયાત અંગેની માહિતી મેળવવા માટે જણાવાયું છે. ગ્રામ્ય વિસ્તારમાં લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦ થી વધુ વ્યક્તિઓ એકત્ર થઈ ન શકે અને મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધિ, ઉત્તરક્રીયામાં પણ ૫૦ થી વધુ વ્યક્તિ એકઠા થવા ન જોઈએ અને જો નિયમનો ભંગ થશે તો તેમની સામે નિયામનુંસાર પગલાં ભરવામાં આવશે.

સોના-ચાંદીના વેપારીઓ ૩ દિવસ સ્વંભૂ બંધ રાખશે

અમદાવાદ,તા.૨૩ રાજ્યમાં સતત વધતા જતા કોરોના સંક્રમણના લીધે સ્થિતિ બેકાબૂ બનતી જાય છે. રાજ્યમાં કોરોના સંક્રમિતોનો દરરોજ રેકોર્ડ સ્થાપિત થાય છે. કોરોનાની ચેનને તોડવા માટે રાજ્યના મોટાભાગના શહેરો અને ગામડામાં સ્વંભૂ બંધ પાળવામાં આવી રહ્યો છે. ત્યારે અમદાવાદના સોના-ચાંદીના વેપારીઓએ કોરોનાની ચેનને તોડવા માટે આજથી ૩ દિવસ સ્વંભૂ બંધ રાખશે. જ્યારે રિટેલ વેપારીઓ આવતીકાલથી ૨ દિવસ માટે પોતાની દુકાન બંધ રાખશે. આ ઉપરાંત ગાંધી રોડ પર આવેલા કંકોત્રી અને ઈલેક્ટ્રિક બજાર સ્વયંભૂ બંધ પાળ્યો છે. જીસીઆઈ દ્વારા બ્રેક ધ ચેન કેમ્પેન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે અમદાવાદ ઈલેક્ટ્રીકલ મરચન્ટ એન્ડ કોન્ટ્રાક્ટર એશોશીએશન ને ૨૩ થી ૨૫ એપ્રીલ સુધી બંધ રાખવાની જાહેરાત કરી છે. તો આ તરફ ગુજરાત ગારમેન્ટ એન્ડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનને પણ ત્રણ દિવસ બંધની અપીલ કરી છે. આવતી કાલથી અમદાવાદની ઓળખ સમાન કાપડ ઉદ્યોગ ૨ દિવસ માટે બંધ રાખવામાં આવશે.

ઝાયડસની દવા વિરાફિનને ઈમરજન્સી ઉપયોગની મંજૂરી

આ દવાના પરીક્ષણ દરમિયાન ૯૧.૧૫ ટકા દર્દીઓ સાત દિવસમાં નેગેટિવ થયા છે : ડીસીજીઆઇની મંજુરી

અમદાવાદ, તા. ૨૩ વર્તમાન સમયે કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. જેના કારણે લોકો ભારે હેરાન થઇ રહ્યા છે. દેશમાં મેડિકલ ઈમરજન્સીની સ્થિતિ સર્જાઇ છે. દેશની સ્વાસ્થ્ય સુવિધાની ક્ષમતા પુરી થઇ છે અને કેસ દિવસે દિવસે વધી રહ્યા છે. આ બધા વચ્ચે એક મોટા અને રાહતના સમાચાર આવ્યા છે. ઝાયડસની કોરોના માટેની દવાના ઈમરજનસી ઉપયોગને મંજૂરી આપી દેવામાં આવી છે. ડીસીજીઆઈએ ઝાયડસની દવા વિરાફિનના ઉપયોગને લીલી ઝંડી આપી દીધી છે. આ દવાનો ઉપયોગ હવે કોરોનાના દર્દીઓની સારવારમાં કરવામાં આવશે. શુક્રવારે ડ્રગસ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ તેને મંજૂરી આપી છે. કોરોના દર્દીઓ માટે રામબાણ ગણાતી રેમડેસિવિરની અછત વચ્ચે આ રાહતના સમાચાર ગણી શકાય. મહત્વની બાબત એ છે કે હળવા લક્ષણો ધરાવતા વયસ્કોની સારવારમાં ઝાયડસની આ દવા ઉપયોગી થશે, ઝાયડસની આ દવાના પરીક્ષણ દરમિયાન ૯૧.૧૫ ટકા દર્દીઓ સાત દિવસમાં નેગેટિવ થયા છે. તેવો કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો છે. સાથે જ દર્દીઓનું ઓક્સિજન લેવલ મેઈન્ટેઈન કરવા માટે પણ આ દવા પ્રભાવી સાબિત થઈ છે. કંપનીએ જણાવ્યું છે કે ત્રીજા ફેઝમાં ભારતના ૨૦થી ૨૫ કેન્દ્રોમાં ૨૫૦ દર્દીઓ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેનુ અસરકારક પરિણામ મળ્યું છે. કંપનીનો દાવો છે કે જો કોરોના થયાના શરુઆતના દિવસોમાં આ દવા આપવામાં આવે તો કોરોનાને મ્હાત આપવામાં મદદ મળે છે.

વર્તમાન સમયે તો આ દવા ડોક્ટરોની સલાહ પ્રમાણે જ આપવામાં આવશે. સાથે જ અત્યારે વિવિધ હોસ્પિટલોને આ દવા આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ખાસ કરોના સામેની સારવાર માટે બનાવવામાં આવેલી આ પહેલી દવા છે, જેને ગુજરાતમાં આવેલી ફાર્મા કંપની ઝાયડસ દ્વારા બનાવવામાં આવી છે.